# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ–** (૧) સમાન્ય વહીવટી વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૧૪.૧૨.૨૦૧૬ના જાહેર નામું.
(૨) અત્રેની કચેરીના તા.૨૪.૧.૨૦૧૭ પદવીદાન સમારંભ બાબતેનો પરિપત્ર

## –::પરિપત્ર::–

## દિવાળીની રજાઓ જાહેર કરવા અંગે

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ/ સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૧૪/૧૨/૨૦૧૬ના જાહેરનામા મુજબ આગામી તા.૧૯/૧૦/૨૦૧૭, ૨૦/૧૦/૨૦૧૭ અને તા. ૨૧/૧૦/૨૦૧૭ ના રોજ દિવાળીના તહેવારોની રજા જાહેર કરેલ છે. કૃષિ યુનિવર્સિટીઓમાં અધિકારીશ્રી /કર્મચારીઓને વેકેશનની જોગવાઈ ન હોઈ જેના અનુસંધાને યુનિવર્સિટીના કર્મચારી / અધિકારીશ્રીઓ દિવાળીના તહેવારો પરિવાર સાથે આનંદ ઉલ્લાસથી ઉજવે અને વતનમાં જઈ શકે તેવા શુભ આશયથી દિવાળીના તહેવારો દરમ્યાન માન.કુલપતિશ્રી ધ્વારા અન્ય જાહેર રજા ભરવાની શરતે નીચેની વિગતે રજા જાહેર કરવામાં આવે છે.

| જાહેર કરવામાં આવતી રજાઓની તારીખ | | જાહેર કરેલ રજાઓના બદલામાં ભરેલ અને ભરવાની થતી રજાઓની તારીખો |
|---|---|---|
| તા.૧૭.૧૦.૨૦૧૭ | મંગળવાર | વંચાણે લીધેલ પરિપત્ર નં. ૨ મુજબ તા.૨૮.૧.૨૦૧૭ ચોથા શનિવારની જાહેર રજાના દિવસે ન.કૃ.યુ.નવસારીનો બારમાં પદવીદાન સમારંભ માટે રાબેતા મુજબ દરેક કચેરીઓ ચાલુ રાખવામાં આવેલ હતી, તેના બદલામાં રજા જાહેર કરવામાં આવે છે. |
| તા.૧૮.૧૦.૨૦૧૭ | બુધવાર | તા.૨૮.૧૦.૨૦૧૭ ચોથા શનિવારની જાહેર રજાએ ભરવાની શરતે |

દિવાળીના રજાઓના અનુસંધાને જો રાજય સરકાર દ્વારા ઉપરોકત બે દિવસો પૈકીની કોઈ એક દિવસની રજા જાહેર કરવામાં આવે તો તે મુજબનો અમલ કરવાનો રહેશે.

ઉપરોકત જાહેર રજાઓ દરમ્યાન ફાર્મ/ ડેરી / લેબોરેટરી તથા અગત્યની આવશ્યક સેવાઓની કામગીરીને કોઈ અસર ન પડે તે હેતુસર જે તે યુનિટ / કચેરી કક્ષાએથી આયોજન પૂર્વક કામની યોગ્ય વ્યવસ્થા જે તે કચેરીના વડાએ અંગત ધ્યાન આપી કરવાની રહેશે. રજાના દિવસો દરમ્યાન કરવામાં આવેલ આયોજનની જાણ સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને કરવાની રહેશે.

સદરહુ પરિપત્ર અત્રેની શાખાની નોંધ ફાઈલ ઉપર મા. કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજથી/અ–૩–૩/ ૨૩૫૧૬ - ૬૫/૨૦૧૭
નવસારી તા :૦૬/ ૧૦ /૨૦૧૭

ઈ/ચા.કુલસચિવ

**નકલ સવિનય રવાનાઃ–**

(૧) નાયબ સચિવશ્રી (કૃષિ યુનિ.), કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગર.
(૨) સેકશન અધિકારીશ્રી, (ક.૨) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) મા.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ / જુનાગઢ / સરદાર કૃષિ યુનિવર્સિટી તરફ જાણ થવા સારૂ.
(૪) કુલસચિવશ્રી, આણંદ / જુનાગઢ / સરદાર કૃષિ યુનિવર્સિટી તરફ જાણ થવા સારૂ.
(૫) સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, સેકટર–૧૦–એ, કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારું.
(૬) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારુ.
(૭)નવસારી કેન્દ્રના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું

**નકલ રવાના :–**

સીકયુરીટી ઓફીસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.